# રાજ્યમાં નવા ૯૦૬૧ કેસ



## રાજ્યમાં ૨૪ કલાકમાં ૯૫ વ્યક્તિના મોત : આજે રાજ્યમાં કુલ ૩૧,૦૩૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે : સાજા થવાનો દર ૮૩.૮૪ ટકા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં કોરોનાથી સાજા થનારા લોકોની દરમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૩.૮૪ ટકા છે. આજે રાજ્યમાં કુલ ૩૧,૦૩૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં આજે સતત બીજા દિવસે કોરોનાનાં નવા કેસ ૧૦ હજારની નીચે એટલે કે, ૯૦૬૧ કેસ નોંધાયા હતા. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી કોરોનાના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જેના લીધે તંત્રને પણ થોડી રાહત થઈ છે.

આજે કોરોનાને કારણે કુલ ૧૫,૦૭૬ દર્દીઓ સાજા થયા, અત્યાર સુધી ૬,૨૪,૧૦૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. હાલ રાજ્યમાં કુલ ૧,૧૧,૨૬૩ એક્ટિવ કેસ છે. ૭૯૧ લોકો વેન્ટિલેટર પર છે. ૧,૧૦,૪૭૨ લોકો સ્ટેબલ છે. ૬,૨૪,૧૦૭ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે જયારે ૯૦૩૯ લોકોનાં મોત નિપજ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આજે કોરોનાને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા પણ ૧૦૦ ની નીચે પહોંચી હતી. આજે કોરોનાને કારણે કુલ ૯૫ લોકોનાં મોત નિપજયાં છે. કોરોનાનો સેકન્ડ વેવ હવે તબક્કાવાર કાબુમાં આવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. કોરોનાનો ગ્રાફ ધીરે ધીરે ઘટી રહ્યો છે.

## કોરોના કોર્નર

- પશ્ચિમ બંગાળમાં ૩૦મી મે સુધી લોકડાઉન લંબાવાયુ.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠક યોજી.
- વી. ટી.વી.ના ન્યુઝ પ્રોડક્ટર ઈન્ચાર્જ જિજ્ઞેશ મોરીનું નિધન.
- ગુજરાતી રંગભુમિના લોકપ્રિય દિગ્દર્શક અને અભિનેતા ભરત દવેનું કોરોનાથી નિધન.
- ગુજરાત, તેલંગણા અને હિમાચલમાં માત્ર રાત્રી કરફયુ, બાકી સમગ્ર દેશમાં લોકડાઉન.
- દેશમાં કુલ ૧૮ કરોડ નાગરીકોનું રસીકરણ.
- શહિદ ભગતસિંહના ભત્રીજા અભય સંધુનું કોરોનાથી નિધન.
- ઓક્સિજન પ્લાન્ટ માટે પીએમ કેર્સના ફંડના ઉપયોગ માટેની માંગ સાથે સર્વોચ્ચ અદાલતમાં અરજી.
- જર્મનીથી ૨૨૩ વેન્ટિલેટર અને ૨૫ હજાર રેમડેસિવિર ઈન્જેકશન ભારત પહોંચ્યા.





### પ્રાંતિજના બોભા ગામના ગ્રામજનો દ્વારા વન ભોજનનુ આયોજન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામના ગ્રામજનો દ્વારા કોરોનાની મહામારીનો અંત આવે તે માટે વન ભોજન લીધુ. પ્રાંતિજ ના બોભા ગામમા આમતો દરેક સમાજ અને કોમના લોકો વસે છે ગામ લોકોમા એકતા ભાઈ ચારો હરી મરી ને રહે છે અને દરેક ધાર્મિક તહેવારોની ઉજવણી પણ ખુબજ ધામધૂમ થી કરતા હોય છે પરંતુ વર્તમાન પરિસ્થિતિ માં કોરોના એ કાળો કેર વર્તાવ્યો છે અને અસંખ્ય નિર્દોષ લોકો કોરોના ના ખપ્પર માં હોમાઈ ને અકાળે અવસાન પામ્યા છે ત્યારે બોભા ગામના ગ્રામજનોએ કોરોના માંથી મુકિત મળે અને વિશ્વ કલ્યાણ ની સદભાવના સાથે વન ભોજન નુ આયોજન કર્યુ હતુ જેમા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ કે.પી.પટેલ , ગામના સરપંચ આદરસિંહ રાઠોડ , ડેપ્યુટી સરપંચ સોમસિંહ રાઠોડ તેમજ ગામમા રહેતા દરેક કોમ અને સમાજ ના આગેવાનો ની ઉપસ્થિત માં વન ભોજન નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો ગામના તમામે-તમામ લોકોએ પોતાના ઘરોને તાળા લગાવીને ખેતરોમાં જઈ ને કોરોનાના સંક્રમણ થી મુકિત આપવા ભગવાન-માતાજી ને પ્રાર્થના કરી હતી અને સહ કુટુંબ બાળકો સાથે વન ભોજન આ રોગીને વિશ્વ કલ્યાણ માટે પ્રભુ ભજન માં જોડાઈ ને ઉત્તમ દાખલો બેસાડયો હતો કહેવાય છે કે વર્ષો અગાઉ જયારે પણ દુષ્કાળ પડે અથવા તો કોઈ જીવલેણ રોગ ફેલાય ત્યારે આ પ્રકારે આખા ગામના લોકો ગામ છોડીને ખેતરોમા જઈ ને વસતા હતા વર્ષો બાદ આ પ્રકાર નુ વન ભોજન નુ આયોજન કરીને બોભા ગામના લોકોએ ગામની એકતાની સાથે વિશ્વ શાન્તી માટે પ્રાર્થનાઓ કરી હતી.

## જન્મદિને વધામણી


અર્ક રીપલકુમાર ચૌધરી
સાયરા, તા.મોડાસા


માનવ ચિરાગકુમાર પટેલ
સાયરા, તા.મોડાસા


ગીરીશભાઈ નાથાભાઈ પટેલ
(પ્રમુખ : સાબરકાંઠા જિલ્લા પ્રા.શિક્ષક સંઘ)
વાઘરોટા, તા.પ્રાંતિજ


દિલીપ એમ. પટેલ
(મંત્રી : વજેપુરા કેળવણી મંડળ)
વજેપુરાકંપા, તા.બાયડ


ભાવિક દિનેશભાઈ પટેલ
દખણેશ્વર, તા.બાયડ

## વાત્રક ડેમમાંથી સિંચાઈ માટે પાણીનો ચોથો રાઉન્ડ, આવતા સપ્તાહે છેલ્લો રાઉન્ડ

### ડાબાકાંઠાની મુખ્ય કેનાલ મારફતે ૩૫૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ

કાળઝાળ ઉનાળો અને કોરોનાનો કહેર વર્તાતાં મોટાભાગના ખેડૂતોએ ઉનાળુ ખેતી કરવાનું ટાળ્યું છે. વાત્રક ડેમમાંથી સિંચાઈ માટે ચોથા રાઉન્ડમાં ૧૨૦ ક્યુસેક પાણી છોડાતાં ૩૫૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળી



રહ્યો છે. આવતા સપ્તાહે છેલ્લો રાઉન્ડ પાણી છોડવામાં આવશે. ખેડૂતો દ્વારા ખાસ કરીને ઘાસચારો વાવવા માટે સિંચાઈના પાણીનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે. પ્રથમ વખત ઉનાળા દરમ્યાન ખેડૂતોએ સિંચાઈના પાણી માટે કકળાટ કર્યો હોય તેવું દેખાયું નથી નહીંતર દર વર્ષે ઉનાળો આવે એટલે સિંચાઈનાં પાણી પૂરતા પ્રમાણમાં ન મળે એટલે ખેડૂતો હોબાળા કરીને સિંચાઈ કચેરીઓ ઘેરી લેતા હોય છે અને વારંવાર કેનાલમાં ગાબડાં પડવાની ફરિયાદો પણ સાંભળવા મળતી હોય છે. પરંતુ આ વર્ષે કોરોનાએ દરેકને ઘરમાં પુરાઈ જવા માટે મજબૂર કર્યા છે. વાત્રક ડેમ દ્વારા દર વર્ષે અપાતા સિંચાઈના પાણીથી ૫૦૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળતો હતો પરંતુ આ વર્ષે હોળી-ધૂળેટી પછી શ્રમજીવીઓ ઘરે ગયા પછી આજદિન સુધી પરત ફર્યા નથી. જેના કારણે ખેતી કામ માટે મજૂરોની અછત ખેડૂતો માટે માથાના દુઃખાવારૂપ બની હતી. જ્યારે ખેડૂત પરિવારોએ પણ ભલે આ વર્ષે ખેતર ખાલી રહે પરંતુ કોરોનાના કારણે જીવ જોખમમાં મૂકવો નથી તેવા કારણે પણ બાયડ અને માલપુર તાલુકામાં ઉનાળુ વાવેતર ઘટ્યું છે. વાત્રક ડેમમાંથી સિંચાઈ માટે ખેડૂતોને તબક્કાવાર એક થી ચાર રાઉન્ડ પાણી આપવામાં આવ્યું જેથી ભેમપોડા, સખવાણિયા, ઉભરાણ, રશિયાનામુવાડા, ગાબટ, સરસોલી, વસાદરા, રડોદરા, કોજણ, પીપોદરા, સવેલા, માધવકંપા, અરજણવાવ, ડેમાઈ, પેન્ટરપુરા, છભૌ સહિતના ખેડૂતોએ માત્ર ખપ પૂરતા પાણીનો ઉપયોગ કર્યો અને મોટાભાગના ખેડૂતોએ માત્ર ઘાસચારો વાવીને ઉનાળુ ખેતીનો સંકેલો કર્યો છે.

## બાયડ પાલિકા વિસ્તારમાં આજથી "મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ" અભિયાન

### સારસ્વત હાઈસ્કુલમાં જરૂર પડે તો ૧૦ બેડના આઈસોલેશન વોર્ડની તૈયારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

કોરોનાનું સંક્રમણ વધતાં રાજ્ય સરકાર દ્વારા મારૂ ગામ કોરોનામુક્ત ગામનું અભિયાન શરૂ થયું છે અને હવે શહેરી વિસ્તારોમાં તેની શરૂઆત થઈ છે. બાયડ પાલિકા વિસ્તારમાં આજે રવિવારથી મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાન શરૂ થશે જેમાં ચોમાસા દરમ્યાન રોગચાળો ન વકરે તે માટે અત્યારથી અગમચેતીના પગલા ભરાશે. મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાનમાં ભાજપના તમામ ચૂંટાયેલા સભ્યો સામેલ થશે. વોર્ડ દીઠ સભ્યોને કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે સારસ્વત હાઈસ્કુલમાં જરૂર પડે તો ૧૦ બેડના આઈસોલેશન વોર્ડની પણ તૈયારી કરવામાં આવી છે. બાયડ પાલિકા વિસ્તારમાં છેલ્લા ૧ મહિનાથી કોરોનાનું સંક્રમણ વધ્યું છે અને સેનેટાઈઝની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે.

પ્રજા માટે રાહતના સમાચાર છે કે કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે. બાયડની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાતી હતી તે હોસ્પિટલોમાં પણ હવે ઓછા દર્દીઓથી પ્રજા અને વેપારીઓ રાહત અનુભવી રહ્યા છે. તા.૧૫ મે. ના રોજ બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ,



ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, ચીફ ઓફીસર સાવિબેન સોની વગેરેની ઉપસ્થિતિમાં મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ અભિયાન માટે બાયડ પાલિકા સભાખંડમાં બેઠક યોજવામાં આવી જેમાં ચીફ ઓફીસર દ્વારા નગરપાલિકા વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ઘટે, કેવી રીતે ઓછા લોકો સંક્રમિત થાય અને સંક્રમિત થયેલા લોકોને જરૂરી સારવાર મળે તે માટે કેવા પ્રકારની સુવિધાઓ બાયડ પાલિકા વિસ્તારમાં ઉપલબ્ધ છે અને જેની જરૂરીયાત છે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. દરેક વિસ્તારમાં સેનેટાઈઝેશન અને વેક્સિનેશન ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો તેમજ બાયડ પાલિકા વિસ્તારમાં વારેણા આશ્રમમાં ૫૫ બેડનો હોમ આઈસોલેશન યુનિટ કાર્યરત છે તેમ છતાં જરૂર પડે તો સારસ્વત હાઈસ્કુલમાં પણ ૧૦ બેડના આઈસોલેશન વોર્ડની તૈયારી કરાઈ છે. બાયડ પાલિકા વિસ્તારમાં મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ કાર્યક્રમ હેઠળ જિલ્લા પ્રભારી મંત્રી તેમજ સરકારના મંત્રી તેમજ ગમે તે પૂર્વ મંત્રી પણ મુલાકાત લેશે તેવી સંભાવના છે. જયારે ચોમાસા દરમ્યાન રોગચાળો વધુ ન વકરે તે માટે જરૂરી કામગીરી માટે પણ ગહન ચર્ચા કરવામાં આવી. પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનના અમલીકરણ બાબતે પણ ચર્ચા થઈ હતી.

## આકરૂન્દના નિવૃત્ત શિક્ષક દંપતિએ કોરોના સામે બાથભીડી

### નિવૃત્ત શિક્ષક કોરોના સામે અડીખમ, પત્નિ જીંદગીનો જંગ હાર્યા : ૮૫ વર્ષના નિવૃત્ત શિક્ષકનો વ્હીલપાવર લાઈફલાઈન બન્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

કોરોનાએ અનેક પરિવારોમાં સુનામી સર્જી છે. કોરોના થાય અને હોસ્પિટલમાં જાય એટલે ઘરે જીવતા પાછા નહીં આવીએ તેવી માનસિક્તા અનેક લોકોમાં ઘર કરી ગઈ છે. મોંઘી હોસ્પિટલમાં સારવાર લઈએ તો જ બચી શકાય તે માન્યતામાંથી બહાર આવવું પડશે. ધનસુરા તાલુકાના આકરૂન્દના નિવૃત્ત શિક્ષક દંપત્તિએ કોરોના સામે એક પખવાડીયા સુધી બાથ ભીડી નિવૃત્ત શિક્ષક પોતાના વ્હીલપાવરના જોરે કોરોનાને હરાવી અડીખમ છે પરંતુ પત્નિ કોરોના સામે જજૂમ્યા અને આખરે જંગ હાર્યા. કોરોનામાં પત્નિને ગુમાવવાનું અનહદ દુઃખ તેમના ચહેરા ઉપર જોવા મળ્યું પરંતુ કુદરતના કાળક્રમને આખરે સ્વીકારવો પડે તે રીતે મનને મનાવી લીધું છે.



અરવલ્લી જિલ્લામાં પાછલા ૩ મહિનામાં ૧૦૦ થી વધુ દર્દીઓ સામાન્ય લક્ષણ ધરાવતા કોરોનાથી સંક્રમિત થયા પરંતુ આત્મવિશ્વાસ ગુમાવી દેતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યા છે. આકરૂન્દ ગામના નિવૃત્ત શિક્ષક દંપતિ રામભારથી એસ. ગોસ્વામી અને બબુબેન ગોસ્વામી કોરોનાથી સંક્રમિત બન્યા પરિવારજનોએ તાબડતોબ બંન્નેના રિપોર્ટ કરાવતાં કોરોના પોઝિટિવ હોવાનું જણાઈ આવ્યું. સારવાર શરૂ કરવામાં આવી બંન્ને દર્દીને ઓક્સિજનનું પ્રમાણ ઓછું રહેતાં ડૉક્ટરની સલાહ મુજબ ઓક્સિજન આપવામાં આવ્યો. પરંતુ કોરોનાના કારણે બબુબેન ગોસ્વામીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું. કોરોનાથી સંક્રમિત પત્નિનું મોત નિપજતાં નિવૃત્ત શિક્ષકના માથે વીજળી પડ્યા જેવી સ્થિતિ થઈ. આખરે કુદરતના નિર્ણયને સ્વીકાર્યો પરંતુ પોતે મનથી ભાંગી પડશે તો બહોળો પરિવાર તૂટી જશે. કોરોનાનું સંક્રમણ અને શરીરમાં અશક્તિ હોવા છતાં ૮૫ વર્ષના નિવૃત્ત શિક્ષકે કોરોનાને હરાવવા માટે મક્કમ નિર્ણય કર્યો અને અત્યારે બિલકુલ સ્વસ્થ થઈ ગયા છે તેઓએ કોરોનાથી સંક્રમિત સૌને મેસેજ આપ્યો છે કે કોરોના થાય તો જરા પણ નાસીપાસ ન થશો. વ્હીલપાવર વધારશો તો તે લાઈફલાઈન બની જશે. ૮૫ વર્ષના ગુરૂજન કોરોનાને હરાવીને અડીખમ રહેતાં અનેક શિષ્યોએ પોતાના ગુરૂને દિર્ઘાયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

## ગણપત યુનિવર્સીટી દ્વારા NRI (USA)ના એક્ષપર્ટ ડોક્ટરો દ્વારા ટેલિ-કાઉન્સેલિંગની શરૂઆત

### કોવિડના દર્દીઓ મેળવી શકશે નિઃશુલ્ક લાભ

આજે આપણેસહુ કોઈ કોરોનાની વિશ્વવ્યાપી મહામારીમાંથી પસાર થયી રહ્યા છીએ ત્યારે ગણપત યુનિવર્સિટી, ગુજરાત ખાતે રોટરી કલબ મેહસાણા, મેહસાણા કેમિસ્ટ એસોસિએશન, ઈંડિયન મેડિકલ એસોસિએશન અને દૂધસાગર ડેરી મેહસાણાના સહયોગથી અંધકારમાં આશાના કિરણ સામો એક ખૂબ જ મહત્વનો સેમિનાર યોજવામાં આવી રહ્યો છે. રવિવારે તારીખ ૧૬મી મે ના રોજ રાત્રે ૮-૩૦ વાગ્યે આયોજિત આ સેમિનારમાં ઈન્ડો-અમેરિકન (યુ એસ એ) નિષ્ણાત તબીબો દ્વારા ટેલી-કાઉન્સેલિંગથી કોવિડની સારવાર અને તેને લગતું માર્ગદર્શન આપવામાં આવશે.

આ સેમિનારમાં જે કોઈ ઘરે અથવા હોસ્પીટલમાં આઈસોલેશન હેઠળ સારવાર લઈ રહેલા હોય તે સહુ તેમજ તેમના પરિવારના સભ્યો, કોવિડમાથી મુકત થયેલા અને માનસિક તણાવ અનુભવતા હોય તેવા સહુ કોઈ આ સેમિનાર માં રજીસ્ટર કરવી શકે છે. આ સેમિનાર માં યુ. એસ. એ. ના કેલિફોર્નિયા થી ઓરેંજ કાઉન્ટીના ઈન્ટરનલમેડિસિન, કાઈઝર પરમેનન્ટ ફિઝિશિયન ડો. દિનેશ કે. પટેલ, વેયન સ્ટેટ યુનિવર્સિટી ડેટ્રોઈટ મીશિગનથી ફેમિલી મેડિસિન વિભાગના ક્લિનિકલ આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સુમન પટેલ, અને એડિસન ન્યુજર્સીથી એમ. ડી. ઓબાસ્ટ્રેટિક્સ અનેગાયનેકોલોજી, ડો. કિરીટકુમાર એસ. પટેલ, એમ.ડી. -ઓક્રોલોજિસ્ટ, ડા`. ગીરીબાલા પટેલ,કેલિફોર્નિયા, ઈન્ટરનલ મેડિસિન, ડો.રંગેશ ગડાસલ્લી, લોસ એન્જલસ, કેલિફોર્નિયા, શ્રી જીતેન પટેલ (યુએસએ), ડો.દેવદત મહેશ્વરી (યુએસએ), ડો.જાવેદ શૈખ, એમડી-ફિઝિશિયન, મહેસાણા (ભારત), ડો મુકેશ ચૌધરી, એમડી-નેફ્રોલોજિસ્ટ, મહેસાણા (ભારત) ટેલી- કાઉન્સેલિંગથી કોવિડને ડામવાની અસરકારક પધ્ધતિઓ વિષે માહિતી આપશે.


ગણપત યુનિવર્સિટીના સ્થાપક અને માનનીય પ્રેસિડંટ શ્રી ગણપતભાઈ પટેલના અંગત માર્ગદર્શન હેઠળ આયોજિત આ સેમિનાર દ્વારા વૈશ્વિક નિષ્ણાતો દ્વારા ટેલી- કન્સલ્ટેશન અને ટેલી-મેડિસિનની સાથે સાથે ટેલી કાઉન્સેલિંગ અને સાયકોથેરાપીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દર્દીનુ ટેલી- ફોલોઅપ પણ કરવામાં આવશે. આ તમામ સેવાઓ નિશુલ્ક રહેશે.

કોવિડની અસરમાંથી પસાર થયી રહેલા તેમજ પસાર થયી ચૂકેલા સહુ ને શારીરિકતેમજ માનસિક સ્વાસ્થ્ય મળી રહે તે હેતુ થી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના નામાંકિત તબીબો પાસેથી ટેલી-સારવાર મેળવવા આપે હેલ્પલાઈન નંબર ૦૨૭૬૨-૨૨૬૧૧ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.તથા નીચેની લીક ઉપર પણ રજિસ્ટ્રેશન કરી શકશો http://bit.ly/Tele-consultation.

## પ્રાંતિજના વાઘપુરના પૂર્વ સરપંચ ધર્મેન્દ્રસિંહ ડી. રાઠોડનુ ટુંકી માંદગી બાદ અકાળે મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વાઘપુર ગામના પૂર્વ સરપંચ ધર્મેન્દ્રસિંહ. ડી. રાઠોડનુ ટુંકી માંદગી બાદ અકાળે મોત થતા તેમના પરિવાર સહિત સંગા સંબધીઓ સહિત ગ્રામજનો મા શોકનો માહોલ.

પ્રાંતિજ તાલુકાના વાઘપુરના વતની અને તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ દિલીપસિંહજી રાઠોડના પુત્ર



અને પ્રાંતિજ તાલુકા પંચાયતના સદસ્ય પ્રદિપસિંહ રાઠોડના પિતા અને વાઘપુર ગામના પૂર્વ સરપંચ ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહજી રાઠોડનુ ટુંકી માંદગી બાદ અકાળે મોત થયુ છે તો તેમના મોતને લઈને પરિવાર સહિત સંગા સંબધીઓ ગ્રામજનોમા શોકનો માહોલ છવાયો છે.



## પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસની માનવતા જોવા મળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ ની માનવતા સામે આવી છે અને પોતે પોતાની ફરજ ની સાથે ગરમીમા પગરખા વગર ખુલ્લા પગે જઈ રહેલ બે બાળકો ને પગરખા આપી માનવ ધર્મ નિભાવ્યો. હાલ જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામા ગરમીનો પારો ઉચો ગયો છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ દેહદજાડતી ગરમીમા પગરખા વગર નિકળેલ બે બાળકો ના પગ બળતા જોઈ ને ફરજ ઉપર રહેલ પ્રાંતિજ ના પોલીસ જવાન દ્વારા એક પલનો પણ વિચાર કર્યા વગર ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ પગરખા ની દુકાનમાંથી બન્ને બાળકો માટે પગરખા લાવી બન્ને બાળકો ને પગરખા પહેરાવ્યા હતા ત્યારે લોકો ઉપર કડક માસ્ક દંડ કે દડા વરસાવતી પોલીસ ની અંદર પણ દિલ હોય છે અને પરિવાર પણ હોય છે ત્યારે ૪૨ થી ૪૫ ડિગ્રી ગરમી મા બે બાળકો ને પગરખા વગર જોતા બાળકો ના પગ બળતા જોઈ ને આ પોલીસ જવાન દ્વારા એક પલનો પણ વિચાર કર્યા વગર પગરખા લાવી પહેરાવી ફરજ ની સાથે માનવધર્મ પણ નિભાવ્યો છે ત્યારે આવા પોલીસ કર્મીઓને લાખ લાખ સલાલ છે.

## દુઃખદ અવસાન



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના રણછોડભાઈ કાન્તિભાઈ સુથારનાં પત્નિ અલકાબેન સુથારનું દુઃખદ નિધન થયેલ છે.

• • •



બાયડ : બાયડના ભાવેશભાઈ મગનભાઈ પટેલ (બળીયાદેવ પ્રા.શાળા)ના સસરા અને હેતલબેન પટેલ (દેરોલી પ્રા.શાળા)ના પિતા માધુભાઈ શકરાભાઈ પટેલનું દુઃખદ નિધન થયેલ છે.